# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 16-08-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ દેશભરમાં 78માં સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી કરાઇ - દિલ્હીના લાલ કિલ્લા ખાતેથી સંબોધન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતના વિકાસ માટે ભાવિ લક્ષ્યોની રૂપરેખા આપી.
- ✓ નડિયાદ ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય સમારોહમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે માર્ગ વિસ્તૃતિકરણ અને મજબૂતીકરણ માટે પાંચ હજાર કરોડ રૂપિયાની ફાળવણીની જાહેરાત કરી.
- ✓ રાજ્યના વિવિધ જલ્લાઓમાં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.
- ✓ દેશ આજે પૂર્વ પ્રધાનમંત્રી અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.
- ✓ ISRO આજે તેના નાના ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન - SSLV થી પૃથ્વી અવલોકન ઉપગ્રહ અવકાશમાં તરતો મૂકશે.

## PM

દેશભરમાં 78માં સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી કરાઇ - દિલ્હીના લાલ કિલ્લા ખાતે યોજાયેલા મુખ્ય કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો

રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા બાદ રાષ્ટ્રને સંબોધતા, તેમણે ભારતના વિકાસ માટે ભાવિ લક્ષ્યોની રૂપરેખા આપી. શ્રી મોદીએ કહ્યું કે સરકાર રાષ્ટ્રને મજબૂત બનાવવા અને લોકોના જીવનમાં પરિવર્તન લાવવાના ઉદ્દેશ્યમાં સુધારા માટે પ્રતિબદ્ધ છે.

એક રાષ્ટ્ર- એક ચૂંટણીનો પુનરોચ્ચાર કરતાં તેમણે કહ્યું કે વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના સપનાને સાકાર કરવા માટે શાસનમાં સુધારા જરૂરી છે. શ્રી

મોદીએ કહ્યું કે બેંકિંગ, પર્યટન, MSME, શિક્ષણ, આરોગ્ય સેવાઓ, પરિવહન અને કૃષિ જેવા દરેક ક્ષેત્રમાં નવી અને આધુનિક પ્રણાલીઓ સ્થાપિત કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે સ્પેસ સેક્ટરમાં સ્ટાર્ટઅપ્સમાં આવેલી તેજી દેશને એક શક્તિશાળી રાષ્ટ્ર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

તેમણે ભારતને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબમાં પરિવર્તિત કરવાના વિઝનનો ઉલ્લેખ કર્યો અને વધુ ઝડપી ગતિએ વૃદ્ધિની અપેક્ષાઓ પૂરી કરવા માટે ભવિષ્ય માટે કુશળ સંસાધનો બનાવવાનું આહ્વાન કર્યું.

પ્રધાનમંત્રીએ મહિલાઓ વિરુદ્ધ હિંસા અને અપરાધોના વધતા જતા મામલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

સંબોધન બાદ પ્રધાનમંત્રીએ બાળકો અને દર્શકો સાથે મુલાકાત કરી અને વાતચીત કરી. આ પહેલા તેમણે રાજઘાટ જઈને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.

.................

## CM- INDE. CELEBRATION

રાજ્યકક્ષાનો સ્વાતંત્ર્ય સમારોહ ખેડા જિલ્લાના નડિયાદ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વડપણ હેઠળ યોજાયો. SRP ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી. મુખ્યમંત્રીએ આ પ્રસંગે સંબોધન કરતા મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલના બલિદાનને યાદ કર્યા. વધુમાં તેમણે વિકસિત ભારત 2047ના વિકાસમાં યોગદાન આપતું ગુજરાત મહત્વનું રાજ્ય બની રહેશે તેમ પણ જણાવ્યું...

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાને લઈને મહત્વની જાહેરાત કરતા આ યોજનાના લાભાર્થીઓની માસીક આવક મર્યાદા વધારીને 20 હજાર રૂપિયા કરાઈ હોવાનું જણાવ્યું.

વધુમાં તેમણે રાજ્યમાં માર્ગ વિસ્તૃતિકરણ અને મજબૂતીકરણ માટે પાંચ હજાર કરોડ રૂપિયાની ફાળવણીની જાહેરાત કરી.

આ કાર્યક્રમમાં જિલ્લા સાંસદ સહિત સ્થાનિક ધારાસભ્યો, નેતાઓ, અધિકારીઓ તેમજ હજારોની સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. જિલ્લી વહીવટીતંત્ર દ્વારા આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ અને પોલીસ વિભાગ દ્વારા રાઇફલ ડ્રીલ,મરીન કમાન્ડો ડેમો, મોટર સાઇકલ સ્ટંટ શૉ,ડોગ શૉ અને હોર્સ શો જેવા કાર્યક્રમ યોજાયા હતા.

.................

## Independence Day- MINISTER'S

રાજ્યમાં વિવિધ જીલ્લાઓમાં મંત્રીઓના વડપણ હેઠળ સ્વતંત્રતા સમારોહની ઉજવણી કરવામાં આવી, જેમાં... ગુજરાત વડી અદાલત પરિસરમાં મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલે ધ્વજવંદન કર્યું.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજભવનમાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા બાદ પરિસરમાં વૃક્ષારોપણ કર્યું.

રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ મહેસાણામાં વિજાપુર હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને ચેક અને પ્રમાણપત્રો એનાયત કર્યા.

(બાઇટ- ઋષિકેશ પટેલ)

વલસાડના પારડીમાં રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માએ જ્યારે સુરતમાં કેબિનેટ મંત્રી કનુભાઇ દેસાઇએ ધ્વજવંદન કર્યું.

મહિલા અને બાળવિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ ગીર સોમનાથમાં તો શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ્લ પાનસેરિયાએ આહવામાં, આદિજાતી વિકાસ અને શિત્રણમંત્રી કુબેરભાઇ ડીંડોરે હિંમતનગરમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરી.

રાજ્યમંત્રી મૂકેશ પટેલે વ્યારામાં, પરસોત્તમ સોલંકીએ ભાવનગરમાં જ્યારે કુંવરજી બાવળિયાએ બગસરામાં આઝાદીના પર્વની ઉજવણી કરી.

દેવગઢ બારીયા ખાતે રાજ્ય કૃષિમંત્રી બચુભાઇ ખાબડ અને કલ્યાણપુરમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી ભીખુસિંહજી પરમારના અધ્યક્ષસ્થાને સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી.. તો અરવલ્લી, આણંદમાં જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો..

..................

## BYTE'S STORY

રાજ્યના વિવિધ જલ્લાઓમાં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

જૂનાગઢમાં આઝાદી દિવસની ઉજવણી પ્રસંગે અનેરો ઉત્સાહ જોવા મળ્યો,આ વિશે વધુ જાણી અમારા પ્રતિનિધિ સંજીવ મહેતા....

(બાઇટ- સંજીવ મહેતા)

સુરેન્દ્રનગરમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી વિશે વધુ માહિતી આપી રહ્યા છે અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર...

(બાઇટ- દિનેશ પરમાર)

અમદાવાદ ખાતે સ્વતંત્રતા પર્વ વિશે માહિતી આપી રહ્યા છે અમારા પ્રતિનિધી કરણ પરમાર...

(બાઇટ- કરણ પરમાર)

..................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

..................

## Death anniversary of Vajpayee

દેશ  પૂર્વ પ્રધાનમંત્રી  અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીને તેમની પુણ્યતિથિ પર આજે શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.

નવી દિલ્હીમાં અટલ બિહારી વાજપેયીની સમાધિ સદૈવ અટલ ખાતે ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

.................

## ISRO- Satellite

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા-ISRO આજે તેના નાના ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન - SSLV થી પૃથ્વી અવલોકન ઉપગ્રહ અવકાશમાં તરતો મૂકશે. પ્રક્ષેપણ પ્રક્રિયા શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સવારે 9.17 કલાકે શરૂ થશે. આ સાથે, નાના સેટેલાઇટ લોન્ચ વ્હીકલ વિકાસ પ્રોજેક્ટ પૂર્ણ થશે અને તે નાના ઉપગ્રહો લોન્ચ કરવા માટે સેવા આપવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ હશે.

PSLV કરતાં 10 મીટર નાના રોકેટ - SSLV નો ઉપયોગ નાના, ઓછા વજન અને નેનો ઉપગ્રહોને પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં લોન્ચ કરવા માટે કરવામાં આવશે.

SSLV બહુવિધ ઓછા ખર્ચે ઉપગ્રહોને અવકાશમાં લોન્ચ કરવામાં અને લઘુત્તમ પ્રક્ષેપણ માળખા સાથે પ્રક્ષેપણ મિશન પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. SSLV ની કિંમત PSLV કરતા અંદાજે 20% થી 30% ઓછી છે.

.................

## Celebration of Independence Day

સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે વિસાવાડા ખાતે તિરંગા યાત્રા, સ્વચ્છતા રેલી, સ્વચ્છતા અંગેના શપથ સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે પોરબંદર તાલુકાના વિસાવાડા ગામને શ્રેષ્ઠ ઓ.ડી.એફ. પ્લસ મોડેલ ગામ જાહેર કરવામાં આવ્યું છે. વિસાવાડા ગામને સ્વચ્છતા, ઘન અને પ્રવાહી કચરાનો સલામત રીતે નિકાલ, લોકોમાં જાગૃતિ સહિતની બાબતોને ધ્યાને લઈ રાજ્ય સરકારે મોડેલ ગામ તરીકે જાહેર કર્યું છે. ત્યારે ૭૮ મા સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે વિસાવાડા ખાતે તિરંગા યાત્રા, સ્વચ્છતા રેલી, સ્વચ્છતા અંગેના શપથ સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

વિસાવાડા ગામની પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે બાળકોએ દેશભક્તિના રંગારંગ સાંસ્કૃતિ ક કાર્યક્રમો પ્રસ્તુત કરવાની સાથોસાથ સ્વચ્છતા વિશે

પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તાલુકા વિકાસ અધિકારીશ્રી આર.પી. મકવાણાના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વૃક્ષારોપણનું પણ આયોજન થયું હતું. આ પ્રસંગે ગામના સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને કર્મચારીઓ ઉજવણીમાં જોડાયા હતા.

.................

## Launch of Mulobhai Bera-City bus service

સુરેન્દ્રનગર ખાતે  સ્વાતંત્ર દિન નિમિત્તે ગઇકાલે  વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સાથે શહેરમાં આઠ સીટી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે રાજ્યના કેબિનેટ મંત્રીશ્રી અને સુરેન્દ્રનગર જિલ્લાના પ્રભારી શ્રી મુળુભાઈ બેરા, નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં યોજાયેલા વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સાથે સીટી બસ ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું આ સાથે સુરેન્દ્રનગર શહેરમાં નાગરિકોની વર્ષો જૂની માંગણી પૂર્ણ થઈ છે

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ જીજ્ઞાબેન પંડ્યા ,ધાંગધ્રા ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, જિલ્લા ભાજપ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા

.................

## Arms Show-Nadiad

ખેડા જિલ્લાના નડિયાદ ખાતે ગુજરાત પોલીસે શસ્ત્ર પ્રદર્શનનું આયોજન કર્યું હતું,,, આ શસ્ત્ર પ્રદર્શનનું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ઉદ્ઘાટન કર્યું હતું. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ઉપલક્ષમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યાં હતાં.

આ શસ્ત્ર પ્રદર્શનમાં ઉપસ્થિત મહાનુભાવોએ સુરક્ષા દળો દ્વારા વપરાતા અત્યાધુનિક શસ્ત્રોને રસપૂર્વક નિહાળ્યા હતા. નડિયાદના કેશવ કથા કુંજ હોલ ખાતે યોજાયેલું આ પ્રદર્શન તારીખ આજે સાંજ સુધી જાહેર જનતા માટે સવારે 9:00થી સાંજના 7 કલાક સુધી ખુલ્લુ રહેશે.

આ શસ્ત્ર પ્રદર્શનમાં આધુનિક હથિયારો અને પોલીસ ટેકનોલોજી એક્સ્પો પ્રદર્શન, BDDSના તમામ સાધનો તથા એક્સપ્લોઝીવ વિશે જાણકારી, મરીન ટાસ્ક ફોર્સના તમામ સાધનો, SDRFના સાધનો અને ઈક્વીપમેન્ટ, ચેતક કમાન્ડો ફોર્સના તમામ સાધનો,ખેડા પોલીસ તરફથી વાયરલેસના સાધનોનું પ્રદર્શન  ટ્રાફીકના નિયમોની જાણકારી, બોડીવોર્ન કેમેરા, નેત્રમ કમાન્ડ કંન્ટ્રોલ, સાયબર ક્રાઇમ, મૈત્રી પ્રોજેક્ટ તથા મહિલા પોલીસ વિગેરેની માહીતી આપવામાં આવી છે.

ખાસ આકર્ષણોમાં LMG વેપન માઉન્ટ કરેલ ઓપન જીપ્સી, પોલીસ ચેતક કમાન્ડો, મરીન કમાન્ડો, ટ્રાફીક પોલીસના સેલ્ફી કટ આઉટ, બુલેટ પ્રુફ વ્હીકલ, પોલીસની હાર્લી ડેવીડસન બાઇક, સ્ટુડન્ટ પોલીસ કેડેટ (SPG) વિગેરે મુખ્ય આકષણો રહેશે. આ પ્રદર્શનને નિહાળવા જિલ્લાની જાહેર જનતાને ભાવભર્યું આમંત્રણ છે.

.................